# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૮ તા.૨૯-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**<u>ચૂંટણી / અગત્યનું</u>**

વિષયઃ- અમદાવાદ મહાનગરપાલિકા વોર્ડ નં.૩-ચાંદખેડા ૪૫-ઈસનપુરની પેટા ચૂંટણી-૨૦૨૧.
સંદર્ભઃ- ઈએલસી/અ.મ.પા./પે.ચૂં./૪૫-ઈસનપુર/૨૦૨૧ તા.૨૪-૦૯-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અમદાવાદ મહાનગરપાલિકા વોર્ડ નં. ૩-ચાંદખેડા તથા ૪૫-ઈસનપુરની પેટા ચૂંટણી તા.૦૩-૧૦-૨૦૨૧ના રોજ યોજાનાર છે. આ પેટા ચૂંટણી માટે આ વોર્ડમાં આવેલ તમામ મતદાન મથકોમાં લાઈટ, પંખા, ચાલુ સ્થિતિમાં તથા મતદાન મથકના બિલ્ડીંગમાં આવેલ સંડાસ / બાથરૂમ તથા શાળાના કમ્પાઉન્ડમાં જરૂરી સાફ સફાઈ કરાવવા જણાવવામાં આવે છે.

તા.૨૯-૦૯-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૮-A તા.૨૯-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- **'કલીન ઈન્ડીયા ડ્રાઈવ'** અંતર્ગત કામગીરી કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત તા.૧-૧૦-૨૦૨૧ થી તા.૩૧-૧૦-૨૦૨૧ દરમ્યાન 'કલીન ઈન્ડીયા ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે તમામ શાળઓએ નીચે દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે. કરેલ કામગીરીની ફોટોગ્રાફી તેમજ અહેવાલ શાળાકક્ષાએ રાખવાનો રહેશે.

| ક્રમ | તારીખ | જનભાગીદારી | હાથ ધરવાની પ્રવૃત્તિ |
|---|---|---|---|
| ૧ | તા.૧-૧૦-૨૦૨૧ થી તા.૨-૧૦-૨૦૨૧ | તમામ મ્યુનિ. શાળાઓ | ૧. તમામ શાળાઓમાં સ્વચ્છતા શપથનું આયોજન કરવું<br>૨. જે-તે શાળાના વોર્ડ મુજબના મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓ સાથે સ્વચ્છતા શપથનું આયોજન કરવું.<br>૩. શાળાના તમામ સ્ટાફ અને વોર્ડ મુજબના મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓ સાથે પ્લોગીંગ ડ્રાઈવનું આયોજન કરી શહેરના જાહેર સ્થળો(શાળાના આસપાસના વિસ્તાર પૈકીના) પર સફાઈ હાથ ધરવી. |
| ૨ | તા.૧૦-૧૦-૨૦૨૧ | તમામ મુખ્યશિક્ષકશ્રીઓ તથા શિક્ષકશ્રીઓ | ૧. શાળના તમામ શિક્ષકોએ પોતાની શાળામાં સ્વચ્છતા અને પર્યાવરણ બાબતે એક ખાસ વર્ગનું આયોજન કરવું |
| ૩ | તા.૧૬-૧૦-૨૦૨૧ થી તા.૧૭-૧૦-૨૦૨૧ | તમામ શાળાઓ<br>તમામ ઝોન કચેરી, મુખ્ય ઓફિસ, સ્કાઉટભવન અને<br>સમગ્ર શિક્ષા ઓફિસ | ૧. તહેવારો પૂર્વે તમામ શાળા/ કચેરીઓમાં અધિકારીશ્રીઓ , કર્મચારીઓ અને અન્ય સ્ટાફની મદદથી સ્વચ્છતા ઝુંબેશ<br>૨. નિકાલ કરી શકાય તેવી તમામ ફાઈલ અને અન્ય સાહિત્ય-કાગળનો યોગ્ય માધ્યમથી નિયમોનુસાર નિકાલ કરવો. |

તા.૨૯-૦૯-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી